G05 - જાન્યુઆરી 2026

મુનિ સેવા આશ્રમ, ગોરજ નું પોતીકું

# अनुसंधान

શ્રધ્ધા, સંકલ્પ, સમર્પણ, સ્નેહ,
સેવા અને સહયોગનું સરવૈયું



સંસ્થાપક
પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર



અધ્યક્ષ
ડો વિક્રમ પટેલ



"

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् || BG17. 20||

મુક્ત હૃદયે જે દાન સુપાત્રને કર્તવ્ય સમજીને, કોઈપણ પ્રતિફળની અપેક્ષા વિના,
ઉચિત સમયે, ઉચિત સ્થાને આપવામાં આવે છે, તેને સાત્ત્વિક દાન માનવામાં આવે છે.

**જાન્યુઆરી ૨૦૨૬**

રાત્રિના ઘોર અંધકાર બાદ, જ્યારે પૂર્વ દિશામાં જગતના એક માત્ર પ્રત્યક્ષ દેવ ભગવાન સૂર્યનારાયણનું આગમન થાય છે, ત્યારે સમગ્ર સૃષ્ટિમાં ચૈતન્ય અને માંગલ્યનો અભિષેક થાય છે.અને એ સાથે જ શરુ થાય છે અંધકારથી પ્રકાશ તરફની આપણી શાશ્વત યાત્રા.. આછા કેસરી આકાશમાં પક્ષીઓનો કલરવ અને સોનેરી કિરણોનો સ્પર્શ માનવ અસ્તિત્વને નવી ઊર્જાથી ભરી દે છે. આત્માના કારક સૂર્યનારાયણ  જ્યારે મકર રાશિમાં સંક્રમણ કરી ઉત્તર તરફ ગતિ કરે છે, ત્યારે પ્રકૃતિના ઉત્સવનો  પ્રારંભ થાય છે.

સંક્રાંતિ એટલે સમ્યક ક્રાંતિ. સામાન્ય રીતે 'ક્રાંતિ' શબ્દમાં પરિવર્તનની ઉત્કંઠા સાથે ક્યારેક ઉગ્રતા હોઈ શકે, પરંતુ 'સંક્રાંતિ'માં તો ક્ષણે-ક્ષણમાં સ્નેહ અને સમજદારીનું સામ્રાજ્ય હોય છે. સૂર્યદેવ આ દિવસથી પોતાનો ક્ષણિક પ્રમાદ ખંખેરી અંધકાર પર વિજય મેળવવાની શરૂઆત કરે છે, પ્રકાશનું વર્ચસ્વ વધતું જાય છે અને સદ્કાર્યો માટે સમય વધારી આપતો દિવસ લાંબો થતો જાય છે . આ પર્વ નિમિત્તે સૂર્યપ્રકાશમાં રહેવાનો અને તલ-ગોળના સેવન દ્વારા સ્વાસ્થ્ય, સ્નિગ્ધતા અને મધુરતા વહેંચવાનો મહિમા છે, પરંતુ તેની સાથે સૌથી મોટો મહિમા છે - દાનનો.

દાન એ એવું દિવ્ય રસાયણ છે જે સમાજને તંદુરસ્ત અને સશક્ત રાખે છે. દાન એ અજ્ઞાન, અસ્વસ્થતા અને સ્વાર્થને કારણે સમાજમાં પ્રવેશેલી વિકૃતિઓની શ્રેષ્ઠ ચિકિત્સા છે. શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં માનવજાતે જે પ્રગતિ કરી છે, તેના પાયામાં દાનવીરોની ઉદારતા રહેલી છે. મુનિ સેવા આશ્રમમાં છેલ્લા સાડા ચાર દાયકાથી અવિરત ચાલતો સેવાયજ્ઞ આ વાતનું જીવંત ઉદાહરણ છે. આપણી પ્રતિભા, સમય અને સાધનનો ઉપયોગ દીન-દુઃખી અને લાચાર લોકોની સેવા માટે કરવો એ જ સાચો માનવધર્મ છે. સત્કાર્યો અને સદપ્રયાસોમાં જોડાયેલી સમાજસેવી સંસ્થાઓમાં યેનકેન યોગદાન આપવું એ સમષ્ટિ માટે હિતકારી બને છે.

દાન માત્ર લેનારનું જ નહીં, આપનારનું પણ કલ્યાણ કરે છે. તે આત્મશુદ્ધિ અને સંતુષ્ટિના ભાવ સાથે દાતાના હૃદયને વિશાળ બનાવે છે અને ભૌતિક આસક્તિ છોડાવી કરુણાનું પોષણ કરે છે. સંતોએ સાચું જ કહ્યું છે:

**"દાન કરો, દયા કરો, ભલું કરો ભવપાર; આપ્યાથી સૌ જીવનો, લેખે થયો અવતાર."**



આવનારી મકરસંક્રાંતિ એ વધારેમાં વધારે લોકોના જીવનમાં સેવા અને સમર્પણના તેજપુંજનો પ્રકાશ પ્રસરે, મૃદુતા છવાય અને સહુ પોતપોતાનું ઉત્તરદાયિત્વ નિભાવે તેવી પ્રાર્થના.

સમગ્ર માનવજાત અને સર્વ જીવોના મંગલ કલ્યાણની ભાવના સાથે, આપ સૌને **મકરસંક્રાંતિની હાર્દિક શુભેચ્છાઓ!**





**હજ્જારો બાળકોના વાત્સલ્યમૂર્તિ**
**કેન્સરપીડિતોના કરુણામૂર્તિ**
**વંચિતોના આરાધ્યમૂર્તિ**
**સેવાપથના પથિકોના પ્રેરણામૂર્તિ**

**એવા ,**

**પૂજ્ય શ્રી અનુબેને 18 ડિસેમ્બર 2001ના દિવસે ગોરજની ધરા પર અંતિમ શ્વાસ લીધા.**

**આ એ જ સમય હતો જયારે આશ્રમના સેવા પ્રકલ્પોના ઉત્તુંગ શિખર સમી કૈલાશ કેન્સર હોસ્પિટલના દ્વાર જાતિ , લિંગ, આર્થિક અને સામાજિક દરજ્જા જેવા કોઈ પણ જાતના ભેદભાવને કોરાણે મૂકી કેન્સરના દરેક દર્દી માટે ખૂલ્યાં.**

**કોઈ પણ જાતની પ્રસિદ્ધિ કે પ્રસંશાની ખેવના વગર, અંગત મહત્વાકાંક્ષા વગર ફક્ત સમાજના વંચિતોનો આર્તનાદ સાંભળીને, સમષ્ટીકલ્યાણના ઉદ્દેશ સાથે એ કલ્યાણીએ શિક્ષણ ,સ્વાસ્થ્ય, સામાજિક ઉત્થાન અને પ્રાકૃતિક સંસાધન સંવર્ધન ક્ષેત્રે લીધેલ એક પછી એક પગલાંઓ એ આજે મુનિ સેવા આશ્રમને પશુ, પક્ષી , વનસ્પતિ અને મનુષ્યો સહીત લાખો જીવો ને શાતા આપતું અભ્યારણ્ય બનાવી દીધું.**

**તેમણે સ્થાપેલ સંસ્થા માત્ર ઈંટ પથ્થરનું સંસ્થાન ન બની રહેતા સેવાનો જીવંત વારસો બની, જ્યાં વિજ્ઞાન અને આધ્યાત્મિકતા નો સુભગ સમન્વય જોવા મળે છે. અહીં સેવા કોઈ કામ નહિ પરંતુ જીવનનો માર્ગ છે.**

**મહાનિર્વાણના 25માં વર્ષે એ કરુણામયીના ચરણોમાં સાદર વંદન અને તેમની દિવ્યચેતના હમેશની જેમ સહુનો પથ પ્રદર્શિત કરતી રહે તેવી પ્રાર્થના !**









" મુનિ સેવા આશ્રમનાં આદ્ય સ્થાપક..
સ્વ. પૂજ્ય અનુબેન ઠક્કરની પુણ્યતિથિ ..."








EMRS, WAGHODIA-1, MAGANPURA.
અનુમાંની પુણ્યતિથી





# આપણાં આશ્રમની કૈલાશ કેન્સર હોસ્પિટલ ખાતે ભારતની પ્રથમ વ્યાવસાયિક BIGDISH સોલર થર્મલ સિસ્ટમની સ્થાપના :

સાંપ્રત સમયમાં જયારે દેશ સ્કેલેબલ અને ઓછા કાર્બન ઉત્સર્જનવાળા ઉર્જા ઉકેલ શોધી રહ્યો છે, ત્યારે આપણા આશ્રમની કૈલાશ કેન્સર હોસ્પિટલ માટે BIGDISH સોલર થર્મલ પ્રોજેક્ટને સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટ રાજ્ય અને દેશભરની  હોસ્પિટલ અને અન્ય મોટી સંસ્થાઓ માટે એક અનુકરણીય ઉદાહરણ બની રહેશે.

આ પ્રોજેક્ટ રોટરી ક્લબ ઓફ બોમ્બે પિયર અને અપાર ઇન્ડસ્ટ્રીઝના CSR સહયોગથી શક્ય બન્યો, અને સોલર સિસ્ટમનું ડિઝાઇન, નિર્માણ અને કમિશનિંગ સનરાઇઝ CSP ઇન્ડિયા દ્વારા કરવામાં આવ્યું. BIGDISH ટેક્નોલોજી, જે અત્યાર સુધી માત્ર વૈજ્ઞાનિક સંશોધન પ્રોજેક્ટ તરીકે જ ખ્યાતિ પામેલી હતી, હવે ભારતમાં વ્યાવસાયિક સ્તરે પ્રથમ વખત લાગુ થઈ.

આ પ્રોજેક્ટ દ્વારા સૂર્યની ઉર્જાનો ઉપયોગ કરીને 200 ટન ક્ષમતા ધરાવતી એબ્સોર્પ્શન ચિલર ચાલે છે, જે હોસ્પિટલની કુલિંગ જરૂરિયાતને સૂર્યશક્તિ દ્વારા  અને ઓછા ખર્ચે પૂરી પાડશે. આ દ્વારા કાર્બન ફૂટપ્રિન્ટ ઘટશે, લાંબા ગાળાના ઓપરેશનલ ખર્ચમાં ઘટાડો થશે અને આરોગ્ય સેવાઓ વધુ સક્ષમ અને પર્યાવરણીય રીતે જવાબદાર બનશે.

ભારતીય આરોગ્ય, ટેકનોલોજી અને સેવાભાવના સંયોજનના પ્રતિબિંબ સમી આ પહેલ કોર્પોરેટ્સ, ટેકનોલોજી ભાગીદારો અને સેવાભાવી સંસ્થાઓ સાથે મળીને કેવી રીતે ટકાઉ અને સકારાત્મક ઉકેલો લાવી શકે તેનું જીવંત ઉદાહરણ બની રહેશે.

પોતાના અપૂર્વ  અને દૂરંદેશીભર્યા સહયોગ માટે  રોટરી ક્લબ ઓફ બોમ્બે પિયર અને અપાર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડનો હૃદયપૂર્વક આભાર જેના કારણે મુનિ સેવા આશ્રમમાં આ મહત્વપૂર્ણ પહેલ શક્ય બની. સનરાઇઝ CSP ઇન્ડિયા અને તમામ સહયોગી ભાગીદારોની તકનીકી નિપુણતા અને નિષ્ઠાવાન પ્રયાસો માટે પણ ખુબ ખુબ આભાર..










# પ્રિન્ટ અને ડિજિટલ મીડિયાનો હૃદયપૂર્વક આભાર

આશ્રમ ખાતે BIGDISH ટેકનોલોજીના ઉદ્ઘાટન અને હેન્ડઓવર સમારોહને પોતાનો ગણી પોતપોતાના અખબારો / ચેનલોમાં દર્શાવવા બદલ મુનિ સેવા આશ્રમ તમામ પ્રિન્ટ અને ડિજિટલ મીડિયાનો ખુબ ખુબ આભારી છે.

તેમના સહયોગ થકી આપણી આ નવીનીકરણીય ઉર્જા ટેક્નોલોજી, માતા પ્રકૃતિ ની સુરક્ષા અને કલ્યાણની વાત અને તેના લાભ લોકો સુધી પહોંચી શક્યા.

## વડોદરાના નામે વધુ એક વિશ્વવિક્રમ: ગોરજમાં સ્થપાઈ દુનિયાની સૌથી ઊંચી સોલાર ડિશ, સૂર્યશક્તિથી ચાલશે આખી હોસ્પિટલ

Dec 20, 2025 Save 0 Likes

SHARE :



વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલા સુપ્રસિદ્ધ મુની સેવા આશ્રમ, ગોરજમાં ટેકનોલોજી અને પર્યાવરણના સમન્વયનું અદ્ભુત ઉદાહરણ જોવા મળ્યું છે. અહીં દુનિયાની સૌથી મોટી અને સૌથી ઊંચી ફુલ ઓટોમેટિક સોલાર ડિશ સફળતાપૂર્વક ઇન્સ્ટોલ કરવામાં આવી છે. આ આધુનિક સૌર ટેકનોલોજીથી હવે આશ્રમ અને કેન્સર હોસ્પિટલના ખર્ચમાં મોટો ઘટાડો થશે અને સાથે જ પર્યાવરણનું પણ રક્ષણ થશે.

મુની સેવા આશ્રમના ડો. વિક્રમભાઈના જણાવ્યા અનુસાર, આ સોલાર ડિશ ઇન્સ્ટોલ થવાને કારણે આશ્રમમાં અગાઉ વપરાતા રોજિંદા 1000 કિલો લાકડાની બચત થશે. આ ટેકનોલોજી દ્વારા પેદા થતી સ્ટીમ (વરાળ) ની મદદથી હવે હોસ્પિટલના 100 ટન ક્ષમતાના એરકન્ડિશનિંગ પ્લાન્ટ ચલાવવામાં આવશે. અગાઉ જે AC ગેસ અને વીજળી પર ચાલતા હતા, તે હવે સંપૂર્ણપણે પ્રદૂષણ મુક્ત સ્ટીમ ટેકનોલોજીથી કાર્યરત થશે.

## Giant made-in-India solar dish transforms energy use at ashram

Sachin.Sharma @timesofindia.com

Vadodara: Even as 'Made in India' photovoltaic panels dominate the market, massive solar concentrators — touted as the largest in the world — are harnessing solar energy to replace conventional power sources at an ashram near the city.

The solar concentrator, also called a solar dish, measures 26m in diameter and stands about seven floors tall. It was installed at the Muni Seva Ashram in Goraj, which had previously installed a similar dish. Originally developed in Australia, the concentrator is now manufactured in India following an initiative by ashram board member Deepak Gadhia.

"The concentrator was developed by the Australian National University and Sunrise CSP, an Australia-based company. They even built a prototype to demonstrate the technology. But coal-based energy being cheaper in Australia, the technology did not gain traction there," said Gadhia, who left his manufacturing business to join the ashram.

Gadhia explained that Sunrise CSP representatives visited Dholera SIR for a proposed desalination plant and expressed interest in bringing the technology to India. "I agreed to collaborate only if they adhered to the 'Make in India' philosophy," he said. A subsidiary was subsequently established in India, and the first solar concentrator was installed at the ashram three years ago. The steam generated from the first solar dish was primarily used for cooking, laundry, and other daily operations.

The ashram installed a larger dish capable of powering a 200-tonne air conditioning plant. The Rotary Club of Bombay Pier contributed Rs 1.6 crore to the project.

Two more concentrators are planned at the ashram, with the United Nations Industrial Development Organisation (UNIDO) donating Rs 2.5 crore for the initiative. "The hospital is registered as an MSME and will receive a 50% govt grant as well," Gadhia added. He also noted that two industrial units in Hyderabad are installing similar concentrators.

Compared to traditional solar concentrators, these solar discs require far less space. "It's like replacing multiple small houses with a high-rise building in the same area," Gadhia explained. The discs are equipped with smart software that allows them to track the sun's movement, ensuring maximum efficiency.

Made of readily available mirrors, the disc concentrates sunlight to produce steam, which can be used for multiple applications.



Solar dish at theMuni Seva Ashram in Goraj

સન્ડે નવગુજરાત સમય | અમદાવાદ | રવિવાર | ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ ગુજરાત

### વાઘોડિયાના મુની સેવાશ્રમમાં બે હજાર લોકોની રસોઈ બનાવવા હવે સૌર ઊર્જા વપરાશે

## વડોદરા નજીક ગોરજમાં દુનિયાની સૌથી ઊંચી ઓટોમેટિક સોલાર ડિશ લગાવાઈ

નવગુજરાત સમય > વડોદરા



વાઘોડિયા તાલુકાના ગોરજમાં આવેલા મુનિ સેવાશ્રમમાં દુનિયાની સૌથી ઊંચી, સાત માળ જેટલી લંબાઈની ફુલ ઓટોમેટિક સોલાર ડિશ ઇન્સ્ટોલ કરવામાં આવી છે. મુની સેવા આશ્રમમાં રોજેરોજ અંદાજે ૧૦૦૦ કિલો લાકડાનો ઉપયોગ થતો હતો, જેના કારણે ખર્ચમાં વધારો થતો હતો અને પર્યાવરણને પણ નુકસાન પહોંચતું હતું. હવે સૌર ડિશ કાર્યરત થતા લાકડાનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ થઈ જશે, જેના પરિણામે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને પર્યાવરણ વધુ સુરક્ષિત બનશે.

મુની સેવા આશ્રમના ડો. વિક્રમભાઈ એ જણાવ્યું હતું કે, આ સૌર ડિશ ઓછી જમીનમાં સ્થાપિત કરી શકાય છે, જે હોસ્પિટલ જેવી સંસ્થાઓ માટે અત્યંત અનુકૂળ છે. આ ટેકનોલોજી દ્વારા હોસ્પિટલના અંદાજે ૧૦૦ ટન ક્ષમતાના એરકન્ડીશન પ્લાન્ટ ચલાવવામાં આવશે. અગાઉ એરકન્ડીશન વીજળી અને ગેસ આધારિત હતા, જ્યારે હવે તે સ્ટીમ આધારિત રહેશે, જેના કારણે કોઈ પણ પ્રકારના ગેસનો ઉપયોગ નહીં થાય અને હવા પ્રદૂષિત નહીં થાય.

આ સ્ટીમ ટેકનોલોજી દ્વારા આશ્રમમાં દરરોજ આશરે ૨૦૦૦ લોકો માટે રસોઈ શક્ય બનશે. ઉપરાંત, હોસ્પિટલમાં જ્યાં જ્યાં સ્ટીમની જરૂરિયાત છે, જેમ કે રસોઈ, લોન્ડ્રી, સ્ટેરિલાઈઝેશન, ગરમ પાણી વગેરે-ત્યાં આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં આશ્રમમાં આવી બે સૌર ડિશ સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે સંસ્થાને લાંબા ગાળે મોટો આર્થિક લાભ મળશે અને ભવિષ્યમાં વધુ સુવિધાઓ વિકસાવી શકાશે.

આ અદ્યતન ટેકનોલોજી લાવનાર દીપક ગઢિયાએ જણાવ્યું હતું કે, આ ટેકનોલોજી મૂળ ઓસ્ટ્રેલિયાથી લેવામાં આવી હતી, પરંતુ હવે તેની સંપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયા ભારતમાં જ વિકસાવવામાં આવી છે. આ સૌર ડિશ દુનિયાની સૌથી મોટી સોલાર ડિશ છે અને ઓસ્ટ્રેલિયા બહાર પ્રથમ વખત ભારતમાં બનાવવામાં આવી છે. આ ટેકનોલોજીને સોલાર કોન્સન્ટ્રેટર તરીકે ઓળખવામાં આવે છે.

આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે રોટરી ક્લબ ઓફ બોમ્બે પિયર દ્વારા રૂ. ૧.૬ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે. મુની સેવા આશ્રમ, રોટરી ક્લબ અને આપાર કેબલ કંપનીના CSR ફંડિંગના સહયોગથી આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે, જે માત્ર આશ્રમ નહીં પરંતુ સમગ્ર દેશ માટે લાભદાયક સાબિત થશે.

### બે ડિશની 200 ટન એસીની ક્ષમતા

આ સૌર ડિશ સૂર્યના કિરણોને કેન્દ્રિત કરીને ઊંચું તાપમાન ઉત્પન્ન કરે છે, જેના દ્વારા સોલાર બોઇલરમાંથી સ્ટીમ તૈયાર કરવામાં આવે છે. એક ડિશ દ્વારા ૧૦૦ ટન એરકન્ડીશન ચલાવી શકાય છે. હાલ ગોરજમાં બે ડિશ કાર્યરત હોવાથી કુલ ૨૦૦ ટન એરકન્ડીશન ક્ષમતા પ્રાપ્ત થઈ છે.

### આ ડિશ સૂર્યમુખીની જેમ સૂર્યની દિશામાં ફરે છે

આ ડીશની વિશેષતા એ છે કે, જેમ સૂર્યમુખી ફૂલ સૂર્ય તરફ ફરે છે, તેમ આ ડીશ પણ સૂર્યની દિશામાં બંને તરફ ફરી શકે છે. તેમાં અંદાજે ૩૦૦ નાના અરીસા લગાવવામાં આવ્યા છે, જે સૂર્યના કિરણોને એક બિંદુ પર કેન્દ્રિત કરીને આશરે ૧૭૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઉત્પન્ન કરે છે. આ ડીશની ઊંચાઈ લગભગ સાત માળ જેટલી છે. આ સમગ્ર સિસ્ટમ સંપૂર્ણપણે ઓટોમેટિક છે. એક કંટ્રોલ રૂમમાંથી માત્ર સ્થળનું લેટિટ્યુડ અને ખાલી જગ્યા દાખલ કરતાં જ સોફ્ટવેર આપમેળે સૂર્યની ગતિ અનુસાર ડીશને ફેરવે છે અને સ્ટીમનું તાપમાન તથા દબાણ નિયંત્રિત કરે છે. તેજ પવનના સમયે સિસ્ટમ આપમેળે ડીશને રોકી દે છે, જેથી કોઈ નુકસાન ન થાય. આ સિસ્ટમ ક્ઝ અપ્રૂવ્ડ છે અને ઓપરેટરને માત્ર દેખરેખ રાખવાની જરૂર પડે છે.

## મુની સેવાશ્રમમાં બે હજાર લોકોની રસોઇ બનાવવા હવે સૌર ઊર્જાનો ઉપયોગ કરાશે

## ગોરજમાં દુનિયાની સૌથી ઊંચી, સાત માળ જેટલી લંબાઇની ફૂલ ઓટોમેટિક સોલાર ડિશ ઇન્સ્ટોલ કરાઇ

આલેખન – જયંત સોજીત્રા

આત્મનિર્ભર ભારત અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે મુની સેવા આશ્રમ, ગોરજમાં દુનિયાની સૌથી મોટી સૌર ડીશ સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવી છે. આ આધુનિક સૌર ટેકનોલોજીથી આશ્રમને મોટા આર્થિક લાભ સાથે પર્યાવરણને પણ નોંધપાત્ર ફાયદો થશે.

અગાઉ મુની સેવા આશ્રમમાં રોજે રોજ અંદાજે ૧૦૦૦ કિલો લાકડાનો ઉપયોગ થતો હતો, જેના કારણે ખર્ચમાં વધારો થતો હતો અને પર્યાવરણને પણ નુકસાન પહોંચતું હતું. હવે સૌર ડીશ કાર્યરત થતા લાકડાનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ થઈ જશે, જેના પરિણામે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને પર્યાવરણ વધુ સુરક્ષિત બનશે.

મુની સેવા આશ્રમના ડૉ. વિક્રમભાઈ એ જણાવ્યું હતું કે, આ સૌર ડીશ ઓછી જમીનમાં સ્થાપિત કરી શકાય છે, જે હોસ્પિટલ જેવી સંસ્થાઓ માટે અત્યંત અનુકૂળ છે. આ ટેકનોલોજી દ્વારા હોસ્પિટલના અંદાજે ૧૦૦ ટન ક્ષમતાના એરકન્ડીશન પ્લાન્ટ ચલાવવામાં આવશે. અગાઉ એરકન્ડીશન વીજળી અને ગેસ આધારિત હતા, જ્યારે હવે તે સ્ટીમ આધારિત રહેશે, જેના કારણે કોઈ પણ પ્રકારના ગેસનો ઉપયોગ નહીં થાય અને હવા પ્રદૂષિત નહીં થાય.

આ સ્ટીમ ટેકનોલોજી દ્વારા આશ્રમમાં દરરોજ આશરે ૨૦૦૦ લોકો માટે રસોઈ શક્ય બનશે. ઉપરાંત, હોસ્પિટલમાં જ્યાં જ્યાં સ્ટીમની જરૂરિયાત છે, જેમ કે રસોઈ, લોન્ડ્રી, સ્ટેરિલાઈઝેશન, ગરમ પાણી વગેરે—ત્યાં આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં આશ્રમમાં આવી બે સૌર ડીશ સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે સંસ્થાને લાંબા ગાળે મોટો આર્થિક લાભ મળશે અને ભવિષ્યમાં વધુ સુવિધાઓ વિકસાવી શકાશે.



આ અદ્યતન ટેકનોલોજી લાવનાર શ્રી દીપક ગઢિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા માટે આ ટેકનોલોજી મૂળ ઓસ્ટ્રેલિયાથી લેવામાં આવી હતી, પરંતુ હવે તેની સંપૂર્ણ ઉત્પાદન પ્રક્રિયા ભારતમાં જ વિકસાવવામાં આવી છે. આ સૌર ડીશ દુનિયાની સૌથી મોટી સોલાર ડીશ છે અને ઓસ્ટ્રેલિયા બહાર પ્રથમ વખત ભારતમાં બનાવવામાં આવી છે. આ ટેકનોલોજીને સોલાર કોન્સન્ટ્રેટર તરીકે ઓળખવામાં આવે છે.

આ સૌર ડીશ સૂર્યના કિરણોને કેન્દ્રિત કરીને ઊંચું તાપમાન ઉત્પન્ન કરે છે, જેના દ્વારા સોલાર બોઈલરમાંથી સ્ટીમ તૈયાર કરવામાં આવે છે. એક ડીશ દ્વારા ૧૦૦ ટન એરકન્ડીશન ચલાવી શકાય છે. હાલ ગોરજમાં બે ડીશ કાર્યરત હોવાથી કુલ ૨૦૦ ટન એરકન્ડીશન ક્ષમતા પ્રાપ્ત થઈ છે.

આ ડીશની વિશેષતા એ છે કે, જેમ સૂર્યમુખી ફૂલ સૂર્ય તરફ ફરે છે, તેમ આ ડીશ પણ સૂર્યની દિશામાં બંને તરફ ફરી શકે છે. તેમાં અંદાજે ૩૦૦ નાના અરીસા લગાવવામાં આવ્યા છે, જે સૂર્યના કિરણોને એક બિંદુ પર કેન્દ્રિત કરીને આશરે ૧૭૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઉત્પન્ન કરે છે. આ ડીશની ઊંચાઈ લગભગ સાત માળ જેટલી છે.

આ સમગ્ર સિસ્ટમ સંપૂર્ણપણે ઓટોમેટિક છે. એક કંટ્રોલ રૂમમાંથી માત્ર સ્થળનું લેટિટ્યુડ અને ખાલી જગ્યા દાખલ કરતાં જ સોફ્ટવેર આપમેળે સૂર્યની ગતિ અનુસાર ડીશને ફેરવે છે અને સ્ટીમનું તાપમાન તથા દબાણ નિયંત્રિત કરે છે. તેજ પવનના સમયે સિસ્ટમ આપમેળે ડીશને રોકી દે છે, જેથી કોઈ નુકસાન ન થાય. આ સિસ્ટમ ક્ઝ અપ્રૂવ્ડ છે અને ઓપરેટરને માત્ર દેખરેખ રાખવાની જરૂર પડે છે.

આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે રોટરી ક્લબ ઓફ બોમ્બે પિયર દ્વારા રૂ. ૧.૬ કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે. મુની સેવા આશ્રમ, રોટરી ક્લબ અને આપાર કેબલ કંપનીના ઝજીઇ ફંડિંગના સહયોગથી આ ટેકનોલોજી વિકસાવવામાં આવી છે, જે માત્ર આશ્રમ નહીં પરંતુ સમગ્ર દેશ માટે લાભદાયક સાબિત થશે.

## વડોદરાના ગોરજમાં દુનિયાની સૌથી ઊંચી સાત માળ જેટલી ઓટોમેટિક સોલાર ડિશ ઈન્સ્ટોલ કરાઈ, દરરોજ 2000 લોકોની રસોઈ બનશે



મેક ઇન ઇન્ડિયા અંતર્ગત તૈયાર થઈ :

આ સોલાર સિસ્ટમની ક્ષમતા એટલી વિશાળ છે કે તેનાથી દરરોજ અંદાજે 2000 લોકો માટે રસોઈ બનાવી શકાશે. માત્ર રસોઈ જ નહીં, પરંતુ હોસ્પિટલની પાયાની જરૂરિયાતો જેવી કે લોન્ડ્રી, સાધનોનું સ્ટેરિલાઇઝેશન અને ગરમ પાણી માટે પણ આ જ સ્ટીમ ટેકનોલોજીનો ઉપયોગ થશે. હાલમાં આશ્રમમાં આવી બે વિશાળ ડીશ કાર્યરત કરવામાં આવી છે, જે ભવિષ્યમાં આર્થિક રીતે સંસ્થાને સ્વનિર્ભર બનાવશે.

આ અધતન ટેકનોલોજીના પ્રણેતા દીપક ગઢિયાએ માહિતી આપી હતી કે આ સોલાર કોન્સન્ટ્રેટર ટેકનોલોજી મૂળ ઓસ્ટ્રેલિયાની છે, પરંતુ 'આત્મનિર્ભર ભારત' ના અભિયાન હેઠળ હવે તેનું સંપૂર્ણ ઉત્પાદન ભારતમાં જ કરવામાં આવ્યું છે. ઓસ્ટ્રેલિયા બહાર ભારત આ પ્રકારની સિસ્ટમ બનાવનાર પ્રથમ દેશ બન્યો છે. આ ડીશની ઊંચાઈ અંદાજે સાત માળના મકાન જેટલી છે, જે તેને વિશ્વની સૌથી ઊંચી સોલાર ડિશ બનાવે છે.

આ ડીશની કામગીરી ખૂબ જ રસપ્રદ છે. સૂર્યમુખીના ફૂલની જેમ આ ડીશ પણ સૂર્યની દિશામાં ઓટોમેટિક ફરે છે. આ ડીશમાં 300 જેટલા અરીસા લગાવવામાં આવ્યા છે, જે સૂર્યના કિરણોને એક કેન્દ્રબિંદુ પર ફોકસ કરીને 1700 ડિગ્રી સેલ્સિયસ જેટલું અધધ તાપમાન પેદા કરે છે. આ તાપમાનથી પાણીનું વરાળમાં રૂપાંતર થાય છે, જેનો ઉપયોગ વિવિધ સુવિધાઓ માટે કરવામાં આવે છે.

મુની સેવા આશ્રમની આ પહેલથી પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે એક નવો માર્ગ પ્રશસ્ત થયો છે. જ્યારે વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી ઝઝૂમી રહ્યું છે, ત્યારે ગોરજમાં સ્થાપિત આ સોલાર ડિશ અન્ય સંસ્થાઓ અને હોસ્પિટલો માટે એક આદર્શ મોડેલ સાબિત થશે. સૌર ઉર્જાનો આવો વિરાટ ઉપયોગ આવનારી પેઢી માટે ગ્રીન એનર્જીનો મજબૂત પાયો નાખશે.

## ભારતમાં પ્રથમ – લગભગ ૧૦ માળ જેટલી ઊંચી અને ૨૬ ટન વજન ધરાવતી સૌથી મોટી સૌર ડિશનું લોકાર્પણ

GG CONNECT



- મુનિ સેવા આશ્રમમાં સૌર થર્મલ એર-કન્ડિશનિંગ સિસ્ટમનું ઐતિહાસિક લોકાર્પણ*
- મુનિ સેવા આશ્રમમાં ભારતની પ્રથમ સૌર થર્મલ AC સિસ્ટમનું લોકાર્પણ.
- ૧૦ માળ જેટલી ઊંચી, ૨૬ ટન વજન ધરાવતી વિશ્વની સૌથી મોટી BIG DISH.
- સંપૂર્ણ સૌર આધારિત ૧૦૦ TR ઠંડક, ઓછી કિંમત અને પર્યાવરણમિત્ર.

### સૌર ટેકનોલોજીથી આશ્રમને આર્થિક લાભ સાથે પર્યાવરણને ફાયદો થશે

## મુનિ સેવાશ્રમમાં 2 હજાર લોકોની રસોઈ બનાવવા હવે સૌર ઊર્જાનો ઉપયોગ કરાશે

**ગોરજમાં** દુનિયાની સૌથી ઊંચી, સાત માળ જેટલી લંબાઇની ફૂલ ઓટોમેટિક સોલાર ડિશ ઇન્સ્ટોલ કરાઇ



(પ્રતિનિધિ) દાહોદ, તા.20

આત્મનિર્ભર ભારત અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે મુની સેવા આશ્રમ, ગોરજમાં દુનિયાની સૌથી મોટી સૌર ડીશ સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવી છે. આ આધુનિક સૌર ટેકનોલોજીથી આશ્રમને મોટા આર્થિક લાભ સાથે પર્યાવરણને પણ નોંધપાત્ર ફાયદો થશે. અગાઉ મુની સેવા આશ્રમમાં રોજે રોજ અંદાજે ૧૦૦૦ કિલો લાકડાનો ઉપયોગ થતો હતો, જેના કારણે ખર્ચમાં વધારો થતો હતો અને પર્યાવરણને પણ નુકસાન પહોંચતું હતું. હવે સૌર ડીશ કાર્યરત થતા લાકડાનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ થઈ જશે, જેના પરિણામે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને પર્યાવરણ વધુ સુરક્ષિત બનશે. મુની સેવા આશ્રમના ડૉ. વિક્રમભાઈ એ જણાવ્યું હતું કે, આ સૌર ડીશ ઓછી જમીનમાં સ્થાપિત કરી શકાય છે, જે હોસ્પિટલ જેવી સંસ્થાઓ માટે અત્યંત અનુકૂળ છે. આ ટેકનોલોજી દ્વારા હોસ્પિટલના અંદાજે ૧૦૦ ટન ક્ષમતાના એરકન્ડીશન પ્લાન્ટ ચલાવવામાં આવશે. અગાઉ એરકન્ડીશન વીજળી અને ગેસ આધારિત હતા, જ્યારે હવે તે સ્ટીમ આધારિત રહેશે, જેના કારણે કોઈ પણ પ્રકારના ગેસનો ઉપયોગ નહીં થાય અને હવા પ્રદૂષિત નહીં થાય. આ સ્ટીમ ટેકનોલોજી દ્વારા આશ્રમમાં દરરોજ આશરે ૨૦૦૦ લોકો માટે રસોઈ શક્ય બનશે. ઉપરાંત, હોસ્પિટલમાં જ્યાં જ્યાં સ્ટીમની જરૂરિયાત છે, જેમ કે રસોઈ, લોન્ડ્રી, સ્ટેરિલાઈઝેશન, ગરમ પાણી વગેરે-ત્યાં આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં આશ્રમમાં આવી બે સૌર ડીશ સ્થાપિત કરવામાં આવી છે, જેના કારણે સંસ્થાને લાંબા ગાળે મોટો આર્થિક લાભ મળશે અને ભવિષ્યમાંવધુસુવિધાઓવિકસાવીશકાશે.

## વડોદરા માં સૂર્યશક્તિ અને માનવસેવાનો અનોખો સંગમ

મયુર કારીઆ, રાજકોટ, યથાર્થ, તા. ૨૧

આજના યુગમાં જ્યાં દુનિયા ગ્લોબલ વોર્મિંગ અને મોંઘવારીથી ચિંતિત છે, ત્યાં વડોદરાના વાઘોડિયા તાલુકાનું એક નાનકડું ગામ ગોરજ આખી દુનિયાને નવી રાહ ચીંધી રહ્યું છે. અહીં આવેલા મુનિ સેવા આશ્રમમાં સ્થાપિત કરવામાં આવેલી 'બિગ ડિશ' (Big Dish) આજે વિશ્વભરના વૈજ્ઞાનિકો અને પર્યાવરણ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. વિશ્વની આ સૌથી મોટી સોલર ડીશ ટેકનોલોજીનું અદભૂત નજરાણું છે. મુનિ સેવા આશ્રમમાં સ્થાપિત આ સોલર ડીશ માત્ર ભારતની જ નહીં, પણ વિશ્વની સૌથી મોટી અને કાર્યક્ષમ સૌર કેન્દ્રિત પ્રણાલી છે. આ ડીશનો વિસ્તાર ૫૨૦ ચોરસ મીટર છે, જેમાં ૩૮૦ જેટલા અત્યંત પરાવર્તિત અરીસાઓ લગાવવામાં આવ્યા છે.

ઓસ્ટ્રેલિયાની નેશનલ યુનિવર્સિટી અને 'સનરાઈઝ ઝજઁ' દ્વારા વિકસિત આ ટેકનોલોજી સૂર્યપ્રકાશને ૯૦% કાર્યક્ષમતા સાથે કેન્દ્રિત કરે છે. તે આખો દિવસ સૂર્યની દિશામાં આપમેળે ફરે છે. આ ડીશ દર કલાકે આશરે ૪૦૦ કિલો વરાળ (Steam) પેદા કરવાની ક્ષમતા ધરાવે છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે ₹૧૫ થી ₹૨૦ કરોડ જેવો ખર્ચ કરવામાં આવ્યો છે, જેમાં ભારત સરકારના અક્ષય ઉર્જા મંત્રાલય (MNRE) અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો સહયોગ રહ્યો છે. દરરોજ ૨,૦૦૦ થી વધુ લોકોની રસોઈ આ વરાળથી બને છે, અને ગરમી સાથે ઠંડક આપતું અનોખું છઝ પણ આ વરાળથી બને છે. તેનો ઉપયોગ કેન્સર હોસ્પિટલના ૧૦૦ ટન એસી પ્લાન્ટને ચલાવવા માટે થાય છે. એક જ દિવસમાં આશરે ૧,૦૦૦ કિલો જેટલા લાકડા કે ગેસની બચત થાય છે.! છે ને સૂર્યદેવની અદભૂત શક્તિ ? આ સોલર ડીશ જ્યાં આવેલી છે તે મુનિ સેવા આશ્રમનો ઈતિહાસ પણ એટલો જ પ્રેરણાદાયી છે. ૧૯૭૮માં પૂજ્ય અનુબેન ઠક્કર દ્વારા સ્થાપિત આ આશ્રમ આજે હજારો લોકો માટે આશાનું કિરણ છે. અહીંની કૈલાશ કેન્સર હોસ્પિટલ વિશ્વકક્ષાની સારવાર ગરીબ દર્દીઓને રાહત દરે પૂરી પાડે છે. આ ઉપરાંત અનાથ બાળકો માટે 'પરિવાર મંદિર' અને વડીલો માટે 'વાનપ્રસ્થ મંદિર' દ્વારા અહીં માનવતાની મહેક પ્રસરેલી છે. અનુબેન ઠક્કર દ્વારા એક નાનકડી ઝૂંપડીથી આદિવાસી વિસ્તારના ઉત્થાન માટે આ કાર્ય શરૂ કરાયું હતું. આ કેમ્પસમાં આવેલી કેન્સર હોસ્પિટલ આજે વિશ્વની શ્રેષ્ઠ રેડિયોથેરાપી હોસ્પિટલોમાંની એક ગણાય છે. અહીં માત્ર સોલર જ નહીં, પણ બાયોગેસ પ્લાન્ટ અને સોલર સ્મશાન પણ છે, જે આ આશ્રમને સંપૂર્ણપણે 'ગ્રીન કેમ્પસ' બનાવે છે. વડોદરાથી આશરે ૩૫ કિમી દૂર આવેલા આ આશ્રમની એકવાર જરૂર મુલાકાત લેવા જેવી છે. ગોરજનો મુનિ સેવા આશ્રમ એ સાબિત કરે છે કે જો મનમાં સેવાભાવ હોય અને સાથે આધુનિક વિજ્ઞાનનો સાથ હોય, તો કુદરતી સંસાધનોની મદદથી સમાજમાં મોટું પરિવર્તન લાવી શકાય છે. આ પ્રોજેક્ટ આજે માત્ર ગુજરાત માટે જ નહીં, પણ સમગ્ર વિશ્વ માટે 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'નું જીવતું-જાગતું ઉદાહરણ છે.

## રક્તદાન શિબિર

તાજેતરમાં વિહોતર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વિહોતર ગ્રુપ ઓફ ગુજરાતના સૌજન્ય અને આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલના સહયોગથી કામરોલ ખાતે રક્તદાન શિબિરનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું. અમૂલ્ય રક્તદાન થકી માનવતાને મહેંકાવનારા દરેક દાતાઓ અને આયોજકોનો ખુબ ખુબ આભાર.








## કૈલાશ કેન્સર હોસ્પિટલ ખાતે તુલસી પૂજન દિવસ અને ક્રિસમસની ઉજવણી કરાઈ

એક સુંદર અનુકરણીય પહેલ દ્વારા આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલ ખાતે તુલસી પૂજન દિવસ અને ક્રિસમસની ઉજવણી કરવામાં આવી.

આ દિવસે બાળકોના કેન્સર વિભાગના બાળ યોદ્ધાઓ એ સંજીવનીના સહયોગથી તુલસીના પાવન મહત્ત્વ વિશે સમજ અને ક્રિસમસનો પ્રેમ તથા કરુણાનો સંદેશ મેળવ્યો અને તે વિષયક ચિત્રકામ કર્યું. કેક અને નાનકડી ભેટોથી નાનકડાં વીરોનાં ચહેરા ચમકી ઉઠ્યા એ વિશેનો રાજીપો સહુ એ અનુભવ્યો. આ બાળકોના સ્વસ્થ જીવન અને ઉજળી આવતીકાલ માટે પ્રભુને પ્રાર્થના!





















**ડર ભગાડતી અનેરી થેરાપી - કેમ કે - ડર ની આગળ જીત હોય છે, જીવન હોય છે :**

કેન્સરની સામેની લડાઈ માત્ર સર્જરી, કિમોથેરાપી કે તેની અન્ય મોડાલીટીસ સુધી જ સીમિત નથી હોતી.

એમાં માત્ર રોગ નો જ નહિ દર્દીના ડર નો પણ ઉપાય શોધીએ તો સારવાર વધુ કારગત નીવડે છે !

કૈલાશ કેન્સર હોસ્પિટલમાં આપણી પાસે એક દિવસ એક સાત વર્ષનો નાનકડો બાળક આવ્યો . આંખોમાં બાળપણની ચમક અને હૃદયમાં એક હીરો - સ્પાઇડરમેન. અને સાથે એક અણગમતી - વણજોઈતી વાસ્તવિકતા પણ હતી, જે કોઈપણ બાળક માટે અઘરી હોય - એ હતું કેન્સર (ALL).

કૈલાશ કેન્સર હોસ્પિટલ, મુની સેવા આશ્રમ, ગોરજ ખાતે માત્ર રોગનો જ ઉપચાર નથી કરવામાં આવતો ; અહીં દર્દીના મન સુધી પહોંચવાનો પ્રયાસ થાય છે ખાસ કરીને જયારે દર્દી એક બાળક હોય. કારણકે બાળકો માટે, કેન્સર કરતાં પહેલો શત્રુ ડર હોય છે. ડર - અજાણ્યા વાતાવરણનો , ડર - મોટા મશીનોનો !

આપણા ડો પ્રમોદ પાટીલ અને રેડિએશન ટેકનિશિયન ટીમે મશીનો અને સારવાર માર્ગદર્શિકાઓથી આગળ જઈને બાળકના મનને સમજવાનો પ્રયત્ન કર્યો. સહુ એ એક સરળ, કરુણાસભર પ્રશ્ન - "આ બાળકને શક્તિ ક્યાંથી મળશે? , ડર કેવી રીતે ભાગશે ? " નો જવાબ શોધવાનો પ્રયત્ન કર્યો.

**અને જવાબ મળ્યો બાળકના ભાવજગતમાં - કલ્પના વિશ્વમાં !**

**રેડિયોથેરાપી માટે જે મોલ્ડ બનાવાયો, તે હતો સ્પાઇડરમેનનો માસ્ક.**

**એ દિવસ પછી બધું બદલાઈ ગયું.**

**ડર ગાયબ થયો.**

**આંખોમાં હિમત આવી.**

**અને સારવાર માટે આવતો નાનો દર્દી - હવે ઉત્સાહભેર કેન્સરને હરાવવા આવતો , આત્મવિશ્વાસથી છલકતો હીરો બની ગયો.**

આ બાળક સહુને શીખવી ગયો કે સાચી સારવાર માત્ર શરીરને જ નહિ પણ આત્માને પણ સ્પર્શે છે.

સહુ ને યાદ અપાવી ગયો કે કેન્સર સામેની લડાઈમાં દવા અને દુઆ સાથે માનવતા - સૌથી વધારે કારગત હોય છે.

આવી સંવેદનશીલતા, આવી માનવતા, આવી હિમત -

એ જ આપણી KCHRCની ઓળખ છે.

**અહીં મશીનો સારવાર આપે છે,**

**અને માનવતા સધિયારો આપે છે.**



*A machine that treats cancer.*
*A human touch that heals fear.*



*Small thought. Deep compassion. Big courage*
*...and a team that made it possible.*



## નર્સિંગ વિદ્યાર્થીઓ બન્યા સેવા, ગરિમા અને સમર્પણના સાક્ષી






ગોધરાની સાંદિપની ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સાયન્સના GNM તૃતીય વર્ષના વિદ્યાર્થીઓએ તાજેતરમાં આપણી હોસ્પિટલ અને ભગિની મંદિરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ સ્વાસ્થ્ય સેવા, માનવીય ગરિમા અને સામુદાયિક સેવાના મૂલ્યોને પ્રત્યક્ષ અનુભવ્યા. આ મુલાકાત તેમના ભાવિ વ્યાવસાયિક જીવનમાં સેવાની જ્યોત જલાવવામાં મદદરૂપ સાબિત થાય તેવી પ્રાર્થના!

ગુજરાત નર્સિંગ કાઉન્સિલની GNM - બીજા વર્ષની પરીક્ષામાં મુનિ સેવા આશ્રમ સંચાલિત નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટનું 94.8% પરિણામ આવ્યું છે. આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ ને ખૂબ ખૂબ અભિનંદન.



**Puja Parmar**
78.42%



**Tulsi Parmar**
77.71%



**Vaishnavi Purohit**
75.28%

## અભિનંદન

## આપણા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે શુભ શરૂઆત અને આત્મીય વિદાયનો સમારોહ










તાજેતરમાં જ આપણા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે એક ચિરસ્મરણીય સમારોહ યોજાયો, જે અંતર્ગત GNMની 23મી બેચ, B.Sc. નર્સિંગની 9મી બેચ અને ANMની 15મી બેચના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું, જ્યારે GNMની 20મી બેચ અને ANMની 13મી બેચના વિદ્યાર્થીઓને ભાવપૂર્ણ વિદાય અપાઈ. આ સમગ્ર કાર્યક્રમ આપણા ચેરમેન ડૉ. વિક્રમ પટેલ અને ટ્રસ્ટી શ્રી પુન્જાદાદાની ઉપસ્થિતિથી વધુ અર્થસભર અને ગરિમાપૂર્ણ બન્યો.

## નારો નહીં, નિશ્ચય



બેટી બચાવો માત્ર એક નારો નથી - તે આપણા સહુની સહિયારો સંકલ્પ છે.

આજના સમયમાં દીકરીની સાચી સુરક્ષા એટલે તેની સલામતી, ગૌરવ, શિક્ષણ અને સમાન તકની ખાતરી શરૂઆતથી જ કરવી. જ્યારે દીકરી ભય વગર અને આત્મવિશ્વાસ સાથે ઉછરે છે, ત્યારે તે માત્ર પોતાનું જીવન નહીં, પરંતુ પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું ભવિષ્ય પણ ઉજ્જવળ કરે છે.

આ ભાવનાને પ્રતિબિંબિત કરતાં આપણા વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટરના વિદ્યાર્થીઓએ “બેટી બચાવો” વિષય પર હૃદયસ્પર્શી અને વિચારપ્રેરક નાટિકા રજૂ કરી, જે અંતર્ગત આ અભિયાનના પડકારોને સંવેદનશીલ રીતે રજૂ કરવામાં આવ્યા અને તે પ્રતિનો આદર્શ અભિગમ પણ દર્શાવવામાં આવ્યો.

## નવી કુશળતા, નવી દિશા: MSA RPTOના શૈક્ષણિક કરાર

મુનિ સેવા આશ્રમની દરેક પહેલ સમાજની બદલાતી જરૂરિયાતો અને ભવિષ્યની દિશાને સમજીને લેવાતી હોય છે. આ જ ભાવ સાથે, મુનિ સેવા આશ્રમના DGCA પ્રમાણિત ડ્રોન તાલીમ કેન્દ્ર – MSA RPTO એ ચરોતર વિદ્યામંડળ યુનિવર્સિટી (CVMU) અને ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (CHARUSAT) સાથે શૈક્ષણિક સહકાર સ્થાપતો કરાર કર્યો.

આ કરાર અંતર્ગત MSA RPTO ની ડ્રોન તાલીમને CVMU અને CHARUSATનાં મજબૂત શૈક્ષણિક માળખા સાથે જોડવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓ વર્ગખંડની બહાર જઈ વાસ્તવિક જીવનમાં પોતાની કુશળતાનો ઉપયોગ કરી શકે. આ થકી કૃષિ, માળખાગત વિકાસ, લોજિસ્ટિક્સ અને મેપિંગ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં કુશળ માનવ સંસાધન તૈયાર કરવાનો મુખ્ય ઉદ્દેશ છે.

આ કાર્યક્રમો હેઠળ વિદ્યાર્થીઓને DGCA રીમોટ પાયલટ પ્રમાણપત્ર, પ્રાયોગિક વર્કશોપ્સ, ઉદ્યોગનો સંપર્ક અને ઉદયમાન સ્ટાર્ટઅપ્સ સાથે ઇન્ટર્નશિપની તક મળશે - જે શિક્ષણથી રોજગાર સુધીનો માર્ગ સ્પષ્ટ કરશે.

આ સહકાર માત્ર શૈક્ષણિક કરાર નથી, પરંતુ યુવાનોને સશક્ત અને કૌશલ્ય કુશળ બનાવવા, અને અર્થસભર નવાચાર દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાની સામૂહિક પ્રતિબદ્ધતા છે.




## ક્રિકેટ રવિવાર







ડિસેમ્બરના રવિવારની એક ગુલાબી ઠંડીભરી સવારે વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ મેચ આયોજિત કરવામાં આવી અને આપણું વીટીસી કેમ્પસ આનંદ ઉત્સાહથી જીવંત બન્યું. આ મૈત્રીપૂર્ણ 8 ઓવર મેચમાં વિદ્યાર્થીઓમાં ખેલદિલી અને ટીમવર્ક છવાયેલું રહ્યું. છોકરાઓમાં IT Warriors અને છોકરીઓમાં GDA Warriors વિજેતા તરીકે આગળ આવ્યા, અને તમામ ભાગ લેનારાઓ માટે યાદગાર અનુભવ બન્યો.




# જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં આપણી રિયાની સિદ્ધિ




તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન બાદ, ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ (GCERT, ગાંધીનગર) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET, વડોદરા) દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં શારદામંદિર બક્ષીપંચ આશ્રમશાળાની ધોરણ–૭ની વિદ્યાર્થીની રિયા બારીયાએ ચિત્રકલા સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ સિદ્ધિ દ્વારા રિયાએ પોતાના શિક્ષકો, શાળા, મુનિ સેવા આશ્રમ અને સમગ્ર વાઘોડિયા તાલુકાનું નામ રોશન કર્યું અને ટ્રોફી, પ્રમાણપત્ર તથા રૂ. ૧૦૦૦નું રોકડ ઇનામ પણ પ્રાપ્ત કર્યું.

સમગ્ર મુનિ સેવા આશ્રમ પરિવાર રિયાની આ વિશિષ્ટ સિદ્ધિ બદલ ગર્વ અનુભવે છે અને તે પોતાના મનપસંદ ક્ષેત્રમાં સતત આગળ વધે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

# શિયાળુ રમતોત્સવ : શારદામંદિર બક્ષીપંચ આશ્રમશાળા

મુનિ સેવા આશ્રમની શાળાઓમાં રમતનું મેદાન વર્ગખંડ જેટલું જ મહત્વ ધરાવે છે, કારણ કે સર્વાંગી વિકાસ રમત, અનુભવ અને સહકારથી ખીલતો જાય છે. રમતો બાળકોમાં સ્વસ્થ શરીર સાથે આત્મવિશ્વાસ, શિસ્ત, નેતૃત્વ અને ખેલદિલીની ભાવના વિકસાવે છે-જે જીવનના પડકારોને સ્વીકારવાની શક્તિ આપે છે.




તાજેતરમાં શારદામંદિર બક્ષીપંચ આશ્રમશાળામાં શિયાળુ રમતોત્સવ યોજાઇ ગયો.



લીંબુ–ચમચી, સોયદોરો, કોથળા દોડ, બટાકા દોડ, રીંગણ ખાઉં, સિક્કા શોધ, સંગીત ખુરશી અને લોટ ફૂંકણી જેવી પારંપરિક રમતોમાં ભાગ લેતા બાળકોનો નિર્દોષ આનંદ, ઉત્સાહ અને પ્રયત્ન સૌ માટે પ્રેરણારૂપ બન્યો.

આ કાર્યક્રમના ઇનામો શ્રી મહેશભાઈ નાતુ (નિવૃત્ત આર્મી ઓફિસર), હાલ ગોવર્ધન વાનપ્રસ્થ મંદિર તથા સ્વ. શાંતાબેન પૂનમચંદ પટેલ (વડોદરા) તરફથી પ્રાપ્ત થયા, જેના માટે અમે હૃદયપૂર્વક તેમનો આભાર માનીએ છીએ. આવા સહયોગથી જ આવા સુંદર, અર્થપૂર્ણ અને સ્મરણિય કાર્યક્રમો શક્ય બને છે.







# મારા મનની વાત



**જય શ્રી કૃષ્ણ,**

હું વિનોદ પરમાર. મારી જીવનયાત્રા પર નજર નાંખું ત્યારે જૂન ૧૯૯૮નો એ સમય યાદ આવે છે જ્યારે મુનિ સેવા આશ્રમ સાથે મારા આત્માનો નાતો જોડાયો.

મારું વતન વડોદરા જિલ્લાના કરજણ તાલુકાનું નાનકડું ગામ 'કોલિયાદ'. ખેતીકામ પર નભતા એક સામાન્ય કુટુંબમાં મારો જન્મ થયો. ગામની ધૂળિયા નિશાળમાં ભણતા-ભણતા જ્યારે મારા ગુરુજીને જોતો, ત્યારથી બાળમાનસમાં એક સંકલ્પ દ્રઢ થયો હતો કે, **"મોટા થઈને મારે પણ શિક્ષક જ બનવું છે."**

આ સંકલ્પને સિદ્ધ કરવા મેં કેડ કસી.. કરજણ કોલેજમાં B.A. અને ત્યારબાદ M.A. (હિન્દી) માં હું સમગ્ર કોલેજમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયો. માર્ચ ૧૯૯૮માં B.Ed. પૂર્ણ કર્યું અને મે મહિનામાં ફર્સ્ટ ક્લાસ ડિગ્રી સાથે હું 'શિક્ષક' બનવા પાત્ર થયો. હવે માત્ર પ્રતીક્ષા હતી તો એવા એક આંગણાની, જ્યાં મને 'બાળદેવો'ની સેવા કરવાનો અવસર મળે.

કોઈક સંસ્થાની શિક્ષકની જરૂરિયાત આવે અને હું અરજી કરી શકું એ આશાએ રોજ છાપું વાંચતો. એક સવારે છાપામાં મુનિ સેવા આશ્રમ, ગોરજ ખાતે શિક્ષકની જરૂરિયાતની જાહેરાત વાંચી. એ પહેલાં મેં ક્યારેય ગોરજ જોયું નહોતું, **પણ અંદરથી એક અવાજ આવ્યો કે આ જ મારું ગંતવ્ય છે.** એસ.ટી. બસમાં બેસી, વારંવાર કંડક્ટરને પૂછતો રહ્યો કે આશ્રમ ક્યારે આવશે? અને જેવું ગોરજ આવ્યું, વનરાજીની વચ્ચે ઉભેલા આ 'માનવ મંદિરો' જોઈને મારું મન પ્રફુલ્લિત થઈ ગયું.

ત્યાં મારો ભેટો થયો એક પાવનઆત્મા અને વાત્સલ્યની મૂર્તિ સમાન પૂજ્ય શ્રી અનુબેન સાથે. ૩૩ ઉમેદવારો વચ્ચે ઇન્ટરવ્યૂ હતો. પૂ.બેનના મુખેથી નીકળેલા શબ્દો, "બેટા આવ", આજે પણ કાનમાં ગુંજે છે. પસંદગીના અંતે ૩ ઉમેદવારોમાં મારું નામ હતું. બેને મને 'વનકુવા' શાળા જોવાનું સૂચન કર્યું. એ અંતરિયાળ વિસ્તાર, કાચો રસ્તો અને આસપાસનું જંગલ જોઈને ઘડીભર તો થયું કે શાળા ક્યાં હશે? પણ વિવેકાનંદ શાળા જોતા જ મેં મન બનાવી લીધું. જૂન ૧૯૯૮માં માત્ર ૭૦ રૂપિયાના માનદ વેતન સાથે મેં આ આશ્રમમાં મારા સેવાકાર્યના શ્રીગણેશ કર્યા.

**પૂજ્ય બેન સાથે જોડાયા પછી આશ્રમનું સમૂહ જીવન, સાદગી, સ્વાવલંબન અને શ્રમકાર્ય જેવા મૂલ્યો થકી મારું સાચું જીવનઘડતર થયું. આશ્રમની વિચારધારાથી પ્રેરાઈને મેં ખાદીનો સ્વીકાર કર્યો અને આજ પર્યંત હું ગર્વથી ખાદી જ પહેરું છું. વિવિધ સેવાકીય શિબિરોએ મારી માનસિક પરિપક્વતાને નવી ઊંચાઈ આપી. પૂજ્ય શ્રી બેન સાથે કામ કરવાની તક મળી તેને હું મારા જીવનનું સૌથી મોટું સદ્ભાગ્ય ગણું છું.**

વર્ષ 2001માં બક્ષીપંચ શાળાના જુના શિક્ષકોને સરકારી નોકરી મળતા તેઓ શાળા છોડીને ગયા અને પૂજ્ય બેને મને વનકુવાથી બક્ષીપંચમાં જોડાવાનું કહ્યું. તે સાથે જ 2001ના એપ્રિલથી શારદામંદિર બક્ષીપંચ આવાસિય આશ્રમશાળાના ધોરણ 1 થી 7ના બાળકો સાથે જોડાયો. અહીં મને માં- બાપથી વિખુટા પડેલા ધોરણ 1ના બાળકોની કાળજી માબાપની જેમ લેવાનો મોકો મળ્યો.




**આજે પણ જ્યારે આ ભૂલકાઓ "મૂછાળી માં" ની જેમ મારા ગળે વળગીને રમે છે, ત્યારે મારું જીવન ધન્ય થઇ જાય છે. હું હંમેશા તેમના જીવનમાં માતા-પિતાની ખોટ પૂરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરું છું.**

વર્ષ ૨૦૧૪થી ડૉ. વિક્રમભાઈની પ્રેરણાથી હું આ જ શાળાના આચાર્ય તરીકે કાર્યરત છું. શિક્ષણની સાથે વહીવટી જવાબદારી પણ ઈશ્વરની કૃપાથી સારી રીતે નિભાવી રહ્યો છું. આશ્રમશાળામાં શ્રેષ્ઠ કામગીરી બદલ આશ્રમ તરફથી મને ચાંદીનો સિક્કો અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે.

નિષ્ઠાપૂર્વકની કામગીરીનું ફળ ઇશ્વર હંમેશા આપે છે. ૧ મે, ૨૦૧૧ના રોજ ગુજરાત રાજ્ય સ્થાપના દિને 'અમદાવાદ મેનેજમેન્ટ એસોશિયેશન' દ્વારા મને **"શ્રી રમણભાઈ પટેલ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ"** થી સન્માનિત કરવામાં આવ્યો. ટ્રોફી, પ્રમાણપત્ર અને ૨૫,૦૦૦ રૂપિયાનું એ ઇનામ મારા માટે માત્ર એક એવોર્ડ નહોતો, પણ મુનિ સેવા આશ્રમમાં મેં આપેલી સેવાઓની 'પ્રસાદી' હતી.

**આજે જ્યારે પાછું વળીને જોઉં છું ત્યારે ગર્વ અનુભવાય છે. પૂજ્ય અનુબેન અને ડૉ. વિક્રમભાઈ હંમેશા મારા પ્રેરણાસ્ત્રોત રહ્યા છે. તેમણે મને માત્ર આજીવિકા જ નથી આપી, પણ સમાજસેવા અને રાષ્ટ્રઘડતરનો જે અવસર આપ્યો છે તે બદલ હું હંમેશા તેમનો ઋણી રહીશ. સાચા અર્થમાં, આ આશ્રમે જ મારા જીવનને 'સાફલ્ય' તરફ દોર્યું છે. અઢળક આદર સાથે હું આ સેવાયાત્રા અવિરત ચાલુ રાખવા કટિબદ્ધ છું.**


જવાબ છે કરજણના ઉત્સાહી શિક્ષક વિનોદ પરમારનો. જ્યારે અમે તેમને પૂછ્યું કે વેકેશનના ગાળા દરમિયાન તમે શું કરો છો હજુ અમારો પ્રશ્ન પૂરો થાય તે પહેલાં જ વિનોદભાઈ બોલી ઊઠ્યા કે ભાઈ ! શિક્ષકોને વળી વેકેશન શાનું. આજીવન કાર્યરત રહે એ જ સાચો શિક્ષક. ૧૯૯૮માં વાઘોડિયાની મુનિસેવા આશ્રમશાળામાં શિક્ષક તરીકે કાર્યરત વિનોદ પરમાર વેકેશનના ગાળામાં સમાજપયોગી કાર્ય સાથે જોડાયેલા રહે છે. આ રીતના કાર્યમાં તેઓ હંમેશાં મોખરે જ રહે છે અને એનો તેમને આનંદ પણ છે. મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતા વિનોદભાઈ આ વખતે આઈઆઈએમની શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી યાદીમાં સ્થાન પામ્યા છે. વિનોદભાઈમાં આમ તો નાનપણથી જ સમાજસેવાના બીજ રોપાયા હતા પરંતુ મુનિસેવા આશ્રમમાં જોડાયા બાદ આવી પ્રવૃત્તિ કરવામાં તેમને વધુ રસ જાગ્યો છે.





દ્વિમાસિક
સંગાથ
મુનિ સેવા આશ્રમ સંચાલિત
બક્ષીપંચ
શારદામંદિર આશ્રમ શાળા

મુની સેવા આશ્રમ, ગોરજ સંચાલિત બક્ષીપંચ શારદા મંદિર આશ્રમશાળા ગોરજ તા. વાઘોડિયા, જી. વડોદરા ના શિક્ષક શ્રી વિનોદભાઈ ડાહયાભાઈ પરમાર ને તાજેતરમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) તરફથી ૧ લી મે ૨૦૧૨ ના રોજ ગુજરાત ગૌરવ દિને તેઓની સુદીર્ઘ સેવાઓની કદર રૂપે આદિત્ય બિરલા ગૃપના વાઈસ ચેરપર્સન શ્રીમતી નિરજા બિરલા ના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ, સન્માનપત્ર તથા ૨૫૦૦૦/- નો ચેક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા. આ એવોર્ડ મળવાથી તેઓએ પોતાની સંસ્થા, શાળા તથા વાઘોડિયા તાલુકા શિક્ષક સમાજ ગૌરવની લાગણી અનુભવે છે અને અભિનંદન પાઠવે છે.

રમણભાઇ પટેલ AMA શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ


AHMEDABAD MANAGEMENT ASSOCIATION

Shri Ramanbhai Patel-AMA Centre for Excellence in Education

has great pleasure in bestowing the

Shreshtha Shikshak Award
for the Year 2011
to
Mr. Vinodbhai Dahyabhai Parmar

for stepping beyond his role as a teacher to be a mentor for his students from economically disadvantaged backgrounds. He believes that education for them is not just about amassing knowledge but a gateway for venturing out in the world with confidence, dignity and self belief.

Ahmedabad
May 1, 2012

Rohit Patel
President, AMA

**બાળક ને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને**
**વત્સલ મૂરત, સ્નેહલ સૂરત, હૃદય હૃદયના વંદન તેને**

**"શિક્ષકનો દેહ ભલે પુરુષનો હોય પરંતુ હૃદય તો માં નું જ હોવું જોઈએ."**

# એકલવ્ય શાળા ખાતે ભારતીય વાયુસેના સાથે સંવાદ : એક યાદગાર દિવસ




**કેટલીક મુલાકાતો માત્ર યાદગાર નથી હોતી, પણ જિંદગીની દિશા બદલનારી સાબિત થાય છે. ખાસ કરીને વિદ્યાર્થીકાળમાં જ્યારે યુવા મન રાષ્ટ્રસેવાને સમર્પિત સાચા નાયકોને મળે છે, ત્યારે શિક્ષણ માત્ર આજીવિકાનું સાધન મટીને 'જીવન સાફલ્ય' માટેનું એક પવિત્ર આહ્વાન બની જાય છે.**

આશ્રમના ચેરમેન ડૉ. વિક્રમ પટેલ, એવીએમ (નિવૃત્ત) બકુલ ઉપાધ્યાય અને ડૉ. અમરેન્દ્ર કુમાર વચ્ચેના પરામર્શમાંથી જન્મેલો એક ઉમદા વિચાર તાજેતરમાં એક અદ્‌ભુત કાર્યક્રમ તરીકે સાકાર થયો.

આપણી શાળામાં ભારતીય વાયુસેનાના અધિકારીઓની મુલાકાત એ માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ વિદ્યાર્થીઓના હૃદયમાં શિસ્ત, સેવા અને રાષ્ટ્રપ્રેમના બીજ રોપનારો એક જીવંત અનુભવ હતો. વડોદરા એરફોર્સ સ્ટેશન અને શાળાના નેતૃત્વ વચ્ચેના સુમેળભર્યા સહકારને કારણે આ પ્રેરક સંવાદ શક્ય બન્યો. આ પ્રસંગે એ પ્રતીતિ કરાવી કે શિક્ષણ ત્યારે જ સાર્થક ગણાય જ્યારે તે પાઠ્યપુસ્તકોની સાથે જીવનના ઉચ્ચ મૂલ્યોને જોડે.

દિવસનું મુખ્ય આકર્ષણ સ્ક્વોડ્રન લીડર સંદીપ બાલા વાલ્કર સાથેનું પ્રેરક સત્ર રહ્યું. તેમણે વાયુસેનાના રોમાંચક જીવન, તેમાં પ્રવેશ માટેની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારકિર્દીના માર્ગો વિશે સચોટ માર્ગદર્શન આપ્યું. જોકે, તેમની વાતોમાં કારકિર્દી કરતા પણ વધુ ભાર 'શિસ્તબદ્ધ જીવન' અને 'દેશ પ્રથમ'ની ભાવના પર હતો.

વિદ્યાર્થીઓએ વાયુસેનાના પાયાના મૂલ્યો—જેવા કે માનસિક દ્રઢતા, નેતૃત્વ, ઈમાનદારી અને રાષ્ટ્ર પ્રત્યેની અડગ નિષ્ઠાને ખૂબ નજીકથી અનુભવ્યા. પ્રશ્નોત્તરી દરમિયાન વિદ્યાર્થીઓના ઉત્સાહ અને જિજ્ઞાસાએ તેમના આત્મવિશ્વાસને નવી ઊંચાઈ આપી. આ મુલાકાતથી શાળાનું આખું પરિસર ગૌરવ અને જોશથી ભરાઈ ગયું હતું. આવી પહેલ માત્ર એક દિવસ પૂરતી મર્યાદિત નથી રહેતી; તે ભવિષ્યના જવાબદાર અને મૂલ્યનિષ્ઠ નાગરિકોના નિર્માણનો મજબૂત પાયો નાખે છે.

કાર્યક્રમના અંતે દરેક વિદ્યાર્થીના ચહેરા પર એક નવી સ્પષ્ટતા અને આંખોમાં ગૌરવ હતું. **ખરેખર, જ્યારે યોગ્ય આદર્શો સામે હોય, ત્યારે જ સપનાઓને સાચી પાંખો મળે છે અને જીવનને સાચી દિશા!**











## જીવન બચાવતું કૌશલ્ય : ફાયરસેફ્ટી તાલીમ

મગનપુરા સ્થિત આપણાં EMRS સ્કૂલ પરિસરમાં MSA ફાયર સેફ્ટી એન્ડ સિક્યોરિટી વિભાગ દ્વારા તાજેતરમાં અગ્નિ સુરક્ષા અંગે મૉક ડ્રિલ યોજાઇ. આવી પ્રાયોગિક તાલીમ વિદ્યાર્થીઓને આપત્તિ સમયે શાંતિ, જાગૃતિ અને યોગ્ય પ્રતિસાદ માટે સજ્જ બનાવે છે. વિદ્યાર્થીઓ સાથે પોતાનો અનુભવ વહેંચવા બદલ અને સચોટ માર્ગદર્શન બદલ શ્રી રાકેશભાઈ રાઠવા અને શ્રી રામસિંગભાઈનો હૃદયપૂર્વક આભાર.













## થાળીનો પ્રત્યેક કણ, સંસ્કારનું દર્પણ

**"હવે તો પેટ ફૂલ થઇ ગયું છે... વરિયાળીનો એક દાણોય અંદર જાય એટલી જગ્યા નથી!"**

આ શબ્દો બોલીને એ દીકરીએ થાળી હડસેલી દીધી. થાળીમાં હજુ ખાસ્સા દાળ-ભાત અને શાક પડ્યા હતા. આસપાસ બેઠેલા સૌએ આ જોયું, પણ કોઇને કંઇ અજુગતું ન લાગ્યું. ફરીથી લેવા માટે ઊભા ન થવું પડે એટલે ક્ષમતા કરતા વધુ ભોજન લેવાની આદત એક સામાન્ય ઘટના બની ગઇ છે...



હા, આ કોઈ કાલ્પનિક દ્રશ્ય નથી; આ આપણા આશ્રમના સંવેદનશીલ કર્મચારીઓએ નોંધેલી એક કડવી વાસ્તવિકતા છે. **મુનિ સેવા આશ્રમ હંમેશા સ્નેહ, સન્માન અને સેવાના ભાવ સાથે સૌને પૌષ્ટિક ભોજન પીરસે છે. પરંતુ જ્યારે આ ભોજનનો બગાડ થાય છે, ત્યારે માત્ર અન્ન નથી વેડફાતું, પણ સેવા પાછળનો ભાવ અને આશ્રમના સંસ્કારો પણ લજવાય છે.**

આપણી સંસ્કૃતિ કહે છે કે **'અન્નમ્ બ્રહ્મ'.** અન્નનો આદર એ જ સાચા સંસ્કાર છે. જ્યારે આપણે થાળીમાં એઠું છોડીએ છીએ, ત્યારે આપણે માત્ર ભોજનનો બગાડ નથી કરતા, પણ:

- એ ખેડૂતનો દ્રોહ કરીએ છીએ જેણે ટાઢ-તડકો વેઠીને અનાજ પકવ્યું છે.
- એ રસોડાના કાર્યકરોના શ્રમનું અપમાન કરીએ છીએ જેઓ પ્રેમથી રસોઇ બનાવે છે.
- એ દાતાઓના વિશ્વાસને ઠેસ પહોંચાડીએ છીએ જેમણે સેવાની આ સરવાણીમાં પોતાનું યોગદાન આપ્યું છે.

જરા વિચારો, તમે થાળીમાં જે અનાજ છોડો છો, એ મેળવવા માટે દેશમાં કોઇ ગરીબ ચોરી કરવા મજબૂર બને છે અથવા ભૂખથી દમ તોડે છે. શું આપણે જાણતા-અજાણતા આ ગુનામાં ભાગીદાર નથી બની રહ્યા?

મુનિ સેવા આશ્રમ ઉદારતાથી પીરસવામાં માને છે, પણ એ ઉદારતાનો અર્થ બેદરકારી ક્યારેય ન હોઈ શકે. **સહુને સ્નેહ , સલામતી અને સગવડ આપવાના આશ્રમના પ્રયત્નોના બદલામાં ક્યાંક કોઈથી શિસ્ત અને સમજદારી વિસરાઈ ન જવી જોઈએ.** આપણે સૌએ સાથે મળીને આ સંકલ્પો લેવાની જરૂર છે:

- **માપસર લઈએ :** ભૂખ હોય તેટલું જ ભોજન લઈએ . જરૂર જણાય તો બીજી વાર લઈએ, પણ 'આળસ'ને કારણે થાળીમાં વધારાનું ન ભરીએ.
- **સંપૂર્ણ જમીએ :** થાળીમાં લીધેલું અન્ન પૂરેપૂરું આરોગીએ. એક પણ કણ વ્યર્થ ન જાય તેની કાળજી રાખીએ.
- **ઉદાહરણ બેસાડીએ :** આપણું વર્તન એવું હોય કે બીજાને પણ પ્રેરણા મળે.
- **આગ્રહમાં સંયમ:** પીરસતી વખતે કે જમતી વખતે કોઇને પણ 'બગાડ' થાય તેટલો આગ્રહ ન કરીએ.
- **થાળી સુધી ભોજન પહોંચાડનાર અને પીરસનાર - દરેકના પરિશ્રમને માન આપીએ.**

મુનિ સેવા આશ્રમ હંમેશા પ્રેમ અને ઉદારતાથી ભોજન પીરસતું જ રહેશે. બદલામાં, દરેક સભ્ય પાસેથી જાગૃતિ, સંયમ અને જવાબદારી અપેક્ષિત છે. કારણકે,

**સંવેદના વિના સેવા અધૂરી છે.**

**કૃતજ્ઞતા વિના આધ્યાત્મિકતા અધૂરી છે.**

અંતે તો...

આજે દેશમાં વધતી જતી મેદસ્વીતા (Obesity) એ પુરાવો છે કે આપણે ભૂખ વગર ખાતા અને ખવડાવતા થઇ ગયા છીએ. જે ભોજન આપણા શરીરમાં 'પ્રાણ' બનીને દોડે છે, એનો અનાદર કરવો એ આપણા જીવનનો જ અનાદર છે.

## સીમાઓથી પર પ્રતિભાનો ઉત્સવ
## ક્ષમતા, આત્મવિશ્વાસ અને આનંદનો ઉત્સવ

દિવ્યાંગ ટેલેન્ટ શોમાં આપણી ભગિનીઓએ સોલો ડાન્સ, ગાયન, ફેશન શો અને ગ્રુપ ડાન્સ દ્વારા પોતાની પ્રતિભાના રંગો વેર્યા. આ આયોજન માત્ર એક સ્પર્ધા નહીં, પરંતુ તેમની ક્ષમતા, અભિવ્યક્તિ અને આનંદનો ઉત્સવ બની રહ્યું.












## માનવતાના સંસ્કારની સાચી ઓળખ - ગૌસેવા

**ગૌસેવા એટલે માત્ર ગાયની જ નહિ,
પરંતુ આપણી પૃથ્વી,
ખેડૂત અને આવનારી પેઢીઓની પણ સેવા !**

**ગાયના સંવર્ધન -
સંરક્ષણ સાથે ધરતી પુનર્જીવિત થાય છે
અને જીવન મહોરી ઊઠે છે.**




**આપણા આશ્રમની પ્રેરક વાતો અને સેવા પ્રકલ્પોની માહિતી દેશ વિદેશમાં પહોંચાડવા માટે આપ સૌની સહભાગિતા આવકાર્ય છે. અનુસંધાનને વધુ સારું અને અસરકારક બનાવવા માટે આપ મદદ કરશો જ તેવો અમને વિશ્વાસ છે. આપ આ વિષે અમને anusandhan@greenashram.org પર લખી શકો છો. આ સિવાય આશ્રમ વિષયક માહિતી આપણી વેબસાઈટ www.greenashram.org તેમજ આપણા ફેસબૂક અને ઇન્સ્ટાગ્રામ પેજ પર થી પણ મળી શકશે.**

Muni Seva Ashram, Goraj, Gujarat - 391760 | Phone: 02668 265 300 | www.greenashram.org